# “ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ”

**Rekhaben Bhailalbhai Padhiyar**
**Research Scholar,**
**Department of Economics,**
**Veer Narmad South Gujarat University, Surat**
**Mo.No.: 9586744335**
**Email id: rekha28396@gmail.com**
**Address:- At: Singharana, Ta: Jambusar, Dist: Bharuch-392040**

**Dr. Yashodhara Alpesh Bhatt**
**Department of Law,**
**Veer Narmad South Gujarat University, Surat**
**Mo. No: 9712902004**

सत्यम् ज्ञानम् अनन्तम्

## (Abstract) અમૂર્ત

પ્રવાસન એ આધુનિક સમયનો ઝડપથી વિકસતો ઉદ્યોગ છે .પ્રવાસનનું આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ હોવાથી તેને ઉદ્યોગ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. પ્રવાસનનો વિકાસ થવાથી માળખાકીય સુવિધાઓમાં વધારો ,સ્થાનિક ચીજવસ્તુઓના વેચાણમાં વધારો અને સ્થાનિક લોકોને રોજગારી મળે છે. સંસ્કૃતિ અને પરંપરાઓને વિકસવા માટે યોગ્ય ફલક મળી રહે છે .ઐતિહાસિક અને પ્રાકૃતિક સુંદરતાથી ભરપૂર એવા ગામડાઓના વિકાસ થકી પ્રવાસન વિકાસ થાય છે .દેશની અર્થવ્યવસ્થા સારી રીતે વિકસે છે .પ્રવાસન ઉદ્યોગનું સાંસ્કૃતિક અને આર્થિક દ્રષ્ટિએ ઘણુ જ મહત્વ છે. પ્રવાસન ઉદ્યોગની અર્થતંત્ર પર હકારાત્મક અસરો જોવા મળે છે .જેમ કે આંતરમાળખાકીય સવલતોમાં વધારો , રોજગાર નિર્માણ થવાથી ગરીબી નિવારણ ,પ્રવાસન સાથે સંબંધિત આનુષંગિક ઉદ્યોગોનો વિકાસ , પ્રાદેશિક વિકાસ ,દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો ,કુલ ઘરેલુ પેદાશમાં વધારો ,વિદેશી પ્રવાસીઓ આવવાથી વિદેશી હૂંડિયામણની કમાણીમાં વધારો થાય છે .આ ઉદ્યોગમાં મૂડીરોકાણ વધારવાથી એ લાંબેગાળે આવક વધારામાં પરિણમે છે .પ્રવાસન વિકસવાથી આંતરરાષ્ટ્રીય સંબંધો અને વાણિજ્યિક સંબંધો વિકસે છે .વિશ્વ ફલક ઉપર દેશની પ્રતિષ્ઠામાં વધારો થાય છે .આ ક્ષેત્રના વિકાસ પર વધુ ભાર મૂકવામાં આવશે તો દેશ અને રાજ્યનો વધુ વિકાસ થવાની સંભાવનાઓ આ ઉદ્યોગમાં રહેલી છે . પ્રવાસન ઉદ્યોગને ગુજરાત રાજ્યના વિકાસ એન્જિન તરીકે ગણવામાં આવે છે .આમ પ્રવાસન એ દેશનો એક મહત્વનો ઉદ્યોગ છે.

## પ્રસ્તાવના

પ્રવાસ એટલે એક સ્થળેથી બીજા સ્થળે યાત્રા કરવી ,મનોરંજન ,આનંદ .જ્ઞાનપ્રાપ્તિઆવક , વધારવા તથા ધાર્મિક હેતુથીકરવામાં આવતી લોકપ્રિય પ્રવૃત્તિરોજ .િંદા જીવનમાં નવીનતા લાવવા પોતાના રહેઠાણથી ચોવીસ કલાક કરતા વધારે અને એક વર્ષ કરતા વધુ નહીં તેવા સમય માટે દેશના અમુક સ્થળોએ અથવા અન્ય દેશની મુલાકાતે જવું અને પછી પોતાના નિવાસ સ્થાને પાછા ફરવું તેને પ્રવાસ કહેવામાં આવે છે.પ્રવાસથી શૈક્ષણિક અનુભવ અને આત્મવિકાસ માટેની તક મળે છે . જીવનને પરિવર્તનશીલ ઉપયોગી અને અનુભવી બનાવવાના એક ઉપકરણ તરીકે ,પ્રવાસને ગણવામાં આવે છે. પ્રવાસ વ્યકિતને નવા અનુભવો .વિચારો અને દ્રષ્ટિકોણ આપે છે ,United Nation World Tourism Organizationની દેખરેખ હેઠળ તેના બધા સભ્ય દેશોમાં ૨૭ સપ્ટેમ્બરને 'વિશ્વ પર્યટન દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવાનો હેતુ લોકોને વિશ્વભરના પ્રવાસન માટે જાગૃત કરવાનો હતો૧વર્ષ .૯૭૦માં આ દિવસે વિશ્વ પર્યટન સંગઠનનું બંધારણ અમલમાં આવ્યું હતું .પ્રવાસીઓને પ્રવાસન સ્થળોએ જરૂરી સુવિધાઓ જેવી કે પરિવહનભોજન તથા ,રહેઠાણ , વિવિધ સ્થળોની મુલાકાત તથા નિરીક્ષણ માટે માર્ગદર્શકની વ્યવસ્થા પૂરી પાડતો ઉદ્યોગ એટલે

પ્રવાસન ઉદ્યોગ. વધુ નફોરોજગારીન ,ી ઉત્પત્તિ તથા વિદેશી હૂંડિયામણની કમાણી વગેરેને લીધે વધુને વધુ રાષ્ટ્રોએ પ્રવાસનને ઉદ્યોગ તરીકે જાહેર કર્યો છે.

## વિષય પસંદગી

ગુજરાત રાજ્યમાં પ્રવાસન વિકાસ એ સંશોધન પેપર માટે એક અત્યંત રસપ્રદ અને મહત્વપૂર્ણ વિષય છેઆ વિષયને પસંદ કરવા પાછળ ઘણા . કારણો છે, જે ગુજરાતના અનન્ય સામાજિકગુજરાત ભારતનો એક .આર્થિક અને સાંસ્કૃતિક પરિદૃશ્ય સાથે ગાઢ રીતે સંકળાયેલા છે- અહીં હડપ્પ .એવો પ્રદેશ છે જેનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છો સંસ્કૃતિના અવશેષોથી લઈને મોગલ, મરાઠા અને બ્રિટીશ શાસનકાળ સુધીના સ્થાપત્યો અને કલાકૃતિઓ જોવા મળે છેસોમનાથ અને . દ્વારકા જેવા મંદિરો, પાવાગઢ જેવા શક્તિપીઠ અને મોઢેરાનું સૂર્યમંદિર, રાણકી વાવ )UNESCO વર્લ્ડ હેરિટેજ સાઇટઆ વારસો પ્રવાસનના વિકાસ માટે મજબૂત .જેવા સ્થાપત્યો પ્રવાસીઓને આકર્ષે છે ( .પાયો પૂરો પાડે છે ગુજરાત ભૌગોલિક દૃષ્ટિએ પણ ખૂબ જ વૈવિધ્યસભર છેકચ્છના રણની સફેદ . સુંદરતા, ગીરના જંગલોમાં એશિયાઇ સિંહોનું નિવાસસ્થાન, લાંબો દરિયાકિનારો, પર્વતીય વિસ્તારો અને શહેરી સંસ્કૃતિ આ ભૌગોલિક વૈવિધ્ય સાહસિક .આ બધું એક જ રાજ્યમાં જોવા મળે છે - પ્રવાસન, ઇકોટૂરિઝમ-, વન્યજીવ પ્રવાસન અને દરિયાકિનારાનું પ્રવાસન જેવી વિવિધ પ્રકારની પ્રવાસન પ્રવૃત્તિઓ માટે પુષ્કળ તકો પૂરી પાડે છે .પ્રવાસન એ સેવા ક્ષેત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તે રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે .પ્રવાસન એ સેવા ક્ષેત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તે રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છેપ્રવાસન . ઉદ્યોગ હોટલો, રેસ્ટોરન્ટ્સ, પરિવહન, સ્થાનિક હસ્તકલા અને માર્ગદર્શકો જેવા અનેક ક્ષેત્રોમાં સીધી અને પરોક્ષ રોજગારીનું સર્જન કરે છેગુજરાતમાં પ્રવાસનના વિકાસથી સ્થાનિક સમુદાયોને સીધો . આર્થિક લાભ મળી શકે છે અને ગ્રામીણ વિસ્તારોમાં પણ રોજગારીની તકો ઊભી થાય અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળે છે. જે સ્થળાંતર ઘટાડવામાં મદદ કરી શકે છે .પ્રવાસીઓ દ્વારા થતો ખર્ચ રાજ્ય માટે આવકનો મહત્વનો સ્ત્રોત બની રહે છે .સંશોધન દ્વારા પ્રવાસનનો આર્થિક પ્રભાવ અને તેનાથી થતી સામાજિકઆર્થિક અસરોન-ું વિશ્લેષણ કરી શકાય છે .ગુજરાત સરકારે પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અનેક નીતિઓ અને યોજનાઓ અમલમાં મૂકી છે .'ખુશ્બુ ગુજરાત કી' જેવી ઝુંબેશો, પ્રવાસન સ્થળોના વિકાસ માટેના ભંડોળ, અને રોકાણકારોને આકર્ષવા માટેની નીતિઓ આ ક્ષેત્રને ગતિ આપી રહી છેરઆ સરકા .ી સમર્થન સંશોધન માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે, જ્યાં આ નીતિઓની અસરકારકતા અને ભવિષ્યની સંભાવનાઓનો અભ્યાસ કરી શકાય છે .ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં પ્રવાસન ક્ષેત્રે ઝડપી પ્રગતિ થઈ રહી છે, જે તેને પ્રવાસન વિકાસના કેસ સ્ટડી માટે

એક ઉત્તમ ઉદાહરણ બનાવે છે .અહીંના પ્રવાસન મોડેલ, સફળતાની ગાથાઓ અને ભવિષ્યની સંભાવનાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

આમ, ગુજરાત રાજ્યમાં પ્રવાસન વિકાસ વિષયની પસંદગી સંશોધન માટે એક વ્યાપક, બહુ-આયામી અને સમૃધ્ધ ક્ષેત્ર પ્રદાન કરે છે, જ્યાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય પાંસાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

## અભ્યાસના હેતુઓ

૧ (ગુજરાતમાં પ્રવાસન ઉધોગનો વિકાસ જાણવા.

૨.ગુજરાતમાં પ્રવાસન વિકાસનું પ્રમાણ જાણવા (

૩ (ગુજરાતના પ્રવાસન ઉધોગની આર્થિક વિકાસ પર થતી અસરોનો અભ્યાસ કરવો.

૪પેદાશ ગુજરાતના પ્રવાસન ઉધોગનો કુલ ઘરેલુ (માં હિસ્સો જાણવો.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

૧૨૦૨૦ -પરમાર.ઉન્નતિ વાય .ડૉ (**“Tourism Development in Gujarat: Opportunities”**પ્રસ્તુત સંશોધન International Journal of Advanced Research in Commerce, Management & Social Science (IJARCMSS)માં પ્રકાશિત થયેલ છે .દરેક દેશના વિકાસ માટે પ્રવાસન ખૂબ જ મહત્વપૂર્ણ છેપ્રવાસન ઉધોગ કોઈપણ દેશના જીડીપીમાં મોટો ફાળો . -૨૦૧૬આ અભ્યાસ .આપે છે૧૭ થી ૨૦૧૯ .સુધીની ગૌણ માહિતી આધારિત છે ૨૦-ભારતીય પ્રવાસન ઉધોગ દેશના કુલ રોજગારના ૮૭૮.% પ્રદાન કરે છે અને જીડીપીમાં ૬૨૩.%ની ભાગીદારી છેઆ . અભ્યાસના હેતુ ગુજરાતના જીડીપીમાં પ્રવાસનના યોગદાનનું વિશ્લેષણ કરવુ અને ગુજરાતમાં આ અભ્યાસમાં પૂર્વધારણાઓની ચકાસણી .પ્રવાસનના વિકાસ માટે યોગ્ય વ્યૂહરચના સૂચવવાનો હેતુ ત આ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે કે ગુજરાત માટે .વર્ગ પરીક્ષણ કરવામાં આવેલ છે-માટે કાઈેના પ્રવાસન ઉધોગને વિકસાવવાની કેટલીક તકો છેઆંતરરાષ્ટ્રીય અને સ્થાનિક મુલાકાતીઓ અર્થતંત્ર . જે ભારતના જીડીપીમાં ગુજરાત પ્રવાસનના યોગદાનમાં .માટે નાણા વિનિમય વધારવામાં મદદ કરે છે .વધારો કરે છે

૨) રૂષભ બી. પંડયા-૨૦૧૯ ધ્વારા **“AN ECONOMIC EVALUATION OF GUJARAT TOURISM INDUSTRY”** પ્રસ્તુત સંશોધન International Journal of Research in all Subjects in Multi Languages માં પ્રકાશિત થયેલ છે. આ અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે. પ્રવાસન વૈશ્વિક સ્તરે વ્યાપારી પ્રવૃત્તિ છે. આ અભ્યાસ ગુજરાતને પ્રવાસન ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અને વિવિધ ક્ષેત્ર પરની અસરો પર ભાર મૂકે છે. પ્રવાસનમાં ગુજરાતની અર્થવ્યવસ્થા પર બહુપક્ષીય સકારાત્મક અસરો સાથે

વૃધ્ધિને મજબૂત  કરવાની ક્ષમતા છે. પ્રવાસન એક વૈશ્વિક ઉદ્યોગ છે. આમાં પરિવહનનો વિકાસ, રહેઠાણ, ઉચ્ચ આવક અને મોટા પ્રમાણમાં ઉન્નત ગતિશીલતા સંયુક્ત રીતે વધુ લોકોને પ્રવાસનમાં ભાગ લેવા સક્ષમ બનાવે છે. આ અભ્યાસના ઉદ્દેશ્યો ગુજરાત પ્રવાસન ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવો. રાજ્યના અર્થતંત્રના સર્વાંગી વિકાસ માટે પ્રવાસન કેવી રીતે મહત્વપૂર્ણ છે તેની ગણતરી કરવી. આ અભ્યાસનો નિષ્કર્ષ એ આવે છે કે આજે પ્રવાસનનો ખ્યાલ માત્ર પ્રવાસથી માંડીને આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા સુધી વિસ્તર્યો છે. ગુજરાત તેના સમૃધ્ધ ધાર્મિક, સાંસ્કૃતિક, પુરાતત્વીય અને વ્યવસાયિક ખજાના માટે પ્રવાસીઓને આકર્ષે છે. પ્રવાસન દ્વારા અર્થતંત્રમાં અપનાવાયેલી નીતિઓ અને શરુ કરાયેલી યોજનાઓના સફળ અમલીકરણ અને વધતી અર્થવ્યવસ્થા માટેના લક્ષ્યોને યોગ્ય રીતે પ્રાપ્ત કરી શકાય  છે.

૩ ૨૦૧૫ -યાભાવિક ઉમાકાન્ત સ્વાડિ (**"A STUDY ON GLOBALIZATION ON TOURISM INDUSTRY OF GUJARAT"** પ્રસ્તુત સંશોધન A Referred International Journal of Multidisciplinary Research માં પ્રકાશિત થયેલ છેદેશના અને રાજ્યના આર્થિક અને સામાજિક . પ્રવાસન .માહિતી આધારિત છે આ અભ્યાસ ગૌણ .વિકાસ પર પ્રવાસન વિકાસની ભારે અસર છે આ .ઉદ્યોગ સૌથી મોટા અને ઝડપી વિકસતા ઉદ્યોગમાંથી એક ઉદ્યોગ તરીકે ઉભરી આવ્યો છે અભ્યાસનો હેતુ વૈશ્વિકીકરણની ગુજરાતના પ્રવાસન ઉદ્યોગ પર થયેલી અસરોનો અભ્યાસ કરવો . -૨૦૧૨અભ્યાસ ૧૩ થી ૨૦૧૬ .સુધીની માહિતી આધારિત છે ૧૭-માહિતીના આલેખ અને કોષ્ટકના આધારે જાણી શકાય કે વર્ષો વર્ષ પ્રવાસીઓની સંખ્યા અને વ્યવસાયના હેતુથી થતું પ્રવાસનનું પ્રમાણ વધુ જોવા મળ્યું છેઅભ્યાસના તારણો અનુસાર ગુજરાત સ .રકાર ધ્વારા અપનાવવામાં આવેલ નવીન પ્રથાઓ અને TCGL વિશ્વના અન્ય દેશોના પ્રવાસીઓને આકર્ષવા માટેની નીતિઓમાં સુધારો કરે છે અને સ્થાનિક પ્રવાસીઓને આકર્ષવા તથા સ્થાનિક રહેવાસીઓ માટે રોજગારીની વધુ તકો ઉભી કરે છેરોજગાર સર્જન થકી ગરીબી ન .વિદેશી હૂંડિયામણ મેળવે છે .િવારણ થયેલ છે.

૪ ૨૦૦૪-.ઠાકર મનિષા ડી (**"PROBLEMS AND PROSPECTS OF TOURISM INDUSTRY IN GUJARAT"** Ph.Dભારત અને .માટે પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત આ અભ્યાસ છે . અલ્પ વિકસીત અર્થતંત્રના .આંતરરાષ્ટ્રીય પ્રવાસન પ્રબળ આર્થિક પરિબળ તરીકે ઉભરી આવ્યુ છે પર્યાવરણીય સમસ્યાઓ અન્ય ,સામાજિક પછાતપણું ,વિકાસમાં જેઓ ચૂકવણીનું પ્રતિકૂળ સંતુલન હોવાથી પ્રવાસન ક્ષેત્રે સફળતા હાંસલ કરવા માટે વૈજ્ઞાનિક આયોજન અને સંચાલન અપનાવવું જરૂરી છેઆ અભ્યાસના ઉદ્દેશ્યો ગુજરાતમાં પ્રવાસન સ્થળો પર રહેલી સુવિધાઓ તેમજ . હેતુ હાલના પ્રવાસન માળખાને સમજવાનો .પ્રવાસીઓને અનુભવાતી સમસ્યાઓનું મૂલ્યાકન કરવું

સરળ યદચ્છ નમૂના પસંદગીની પધ્ધતિ .પણ રહેલો છેદ્વારા ૧૦૦ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી,જુનાગઢ ,દ્વારકા ,જામનગર ,અભ્યાસ ક્ષેત્ર તરીકે રાજકોટ . સોમનાથને પસંદગી આપવામાં આવેલી છે આ અભ્યાસ માટે .Chi-Squire પરીક્ષણ તથા પૂર્વધારણા પરીક્ષણ માટે સહસંબંધ તથા વિવિધ કોષ્ટકો તૈયાર કરવામાં આવેલ છેઆ સંશોધનનો નિષ .્કર્ષ એ આવે છે કે વિવિધ સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા રોકાણ કરવામાં આવે છેઆપણે ત્યા અપૂરતી માળખાકીય સુવિધાઓ . મધ્યસ્થતા અને તીવ્ર ,પ્રવાસન માટે સતત આનુષંગિક બાબતો .હોવાથી વધુ સુધારા અનિવાર્ય છે સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય વાતાવરણ અને અસરકારક માર્કેટિંગ એ વિકાસની સમસ્યાઓની ચાવી છે.

૫( ડૉ-પરમાર .સુશીલકુમાર એમ .**૨૦૧૭ "A STUDY OF PERCEPTION ON GUJARAT TOURISM MARKETING"** પ્રસ્તુત સંશોધન IOSR Journal of Business and Management (IOSR-JBM) માં પ્રકાશિત થયેલ છેરાજ્યના સ્થાનિક ઉત્પાદનમાં ,વૈશ્વિક સ્તરે પ્રવાસન એ રોજગાર . પર્યટનનું માર્કેટિંગ પ્રવાસીઓના સંતોષને મહત્તમ કરવાનો .ફાળો આપતો સૌથી આકર્ષિત ઉદ્યોગ છે ગુજરાત પ્રવાસન માર .ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગમાં વૃધ્ધિ થવાની સંભાવના છે .પ્રયાસ કરે છે્કેટિંગ અંગેની ધારણા અને અભિપ્રાયનો અભ્યાસ કરવો એ આ અભ્યાસનો હેતુ છેપ્રાથમિક માહિતી . ઉત્તરદાતાઓની પસંદગી દ્વારા માહિતી એકત્ર ૧૦૦અનુકૂળ નમૂના પધ્ધતિ .આધારિત સંશોધન છે માહિતીના વિશ્લેષણમાં લીકર્ટ પાંચ સ્કેલ .કરવામાં આવેલ છે'સ્ટ્રોંગલી એગ્રી ટુ સ્ટ્રોંગલી ડિસએગ્રી' નો ઉપયોગ તથા ટકાવારી અને કાઈઆ અભ્યાસનુ .વર્ગ પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવેલ છે- મુખ્ય તારણ એ છે કે ગુજરાતમાં અસરકારક માર્કેટિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વધુ પ્રવાસીઓને આથી કહી શકાય કે પ્રવાસીઓ જે તે પ્રવાસન સ્થળના પ્રચાર .આકર્ષી શકાયા છેપ્રસાર માટેનું સૌથી શ્રેષ્ઠ માધ્યમ છેવધુ પ્રવાસીઓને આકર્ષવા માટે નવી પર્યટન માર્કેટિંગ વ્યૂહરચનાઓ અપનાવવી . .જોઈએ

૬ ((Vansiya Y. N., 2012) પ્રસ્તુત સંશોધન પેપર ડાંગ જીલ્લાના પ્રવાસન વિકાસ સંદર્ભે તૈયાર કરવામાં આવ્યું છે, જેના મુખ્ય હેતુઓમાં સ્થાનિક વિસ્તાર પર પ્રવાસન વિકાસની અસરો તપાસવી, પ્રવાસીઓનો આ વિસ્તારના સંદર્ભમાં શું મત છે તે જાણવાનો છે, પ્રસ્તુત સંશોધન પેપર પ્રાથમિક માહિતી આધારિત તૈયાર કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધન જણાવે છે કે પ્રવાસન વિકાસના કારણે સ્થાનિક લોકોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે, તેમજ સ્થાનિક રોજગારીમાં પણ વૃધ્ધિ નોંધાયેલી જોવા મળે છે.

## સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે ,અહીં ગુજરાત પ્રવાસન વિભાગના વાર્ષિક અહેવાલો . સામાયિકોનો ઉ ,સંશોધનો ,વિષયને અનુરૂપ વિદ્વાનોના લેખો ,વિવિધ વેબસાઈટપયોગ કરીને

માહિતી મેળવવામાં આવેલ છે .આ સઘળી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવેલ છે . સામાજિક સંશોધન પધ્ધતિ પુસ્તકમાં દર્શાવેલ સંશોધન પધ્ધતિ અનુસાર અત્રેના સંશોધન પેપરમાં ગૌણ માહિતી આધારિત તુલનાત્મક સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.(Vansiya, 2021)

## પ્રવાસન વધવાના કારણો

- લોકો પાસે વાપરવાલાયક આવકમાં વધારો થયો છે .
- વાહનવ્યવહાર વધતા મુસાફરી વધુ સરળ બની છે.
- પ્રવાસન સ્થળોએ પરિવહનભોજન અને માર્ગદર્શક અને મનોરંજન માટેની ,રહેઠાણ , .સુવિધાઓ વધી છે
- ટેકનોલોજીના વપરાશથી લોકો પાસે સારી માહિતી ઉપલબ્ધ બની છે.
- વિભિન્ન દેશો ધ્વારા પ્રવાસન પાછળ વધુ મૂડીરોકાણ કરવામાં આવી રહ્યું છે.
- નિવૃત્તિ બાદ સમયનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે .
- સાંપ્રત સમયમાં પ્રવાસન એક ફેશન બની ગયું છે લોકોમાં દેખાદેખીનો નવો ખ્યાલ ઉદ્ભવ્યો છે .

## પ્રવાસન વિકાસની આર્થિક અસરો

પ્રવાસન ઉદ્યોગ એ વૈશ્વિક અર્થતંત્રનો એક અત્યંત મહત્વપૂર્ણ અને ઝડપથી વિકસતું ક્ષેત્ર છે . તે માત્ર મનોરંજન અને આરામ પ્રદાન કરતું નથી, પરંતુ રાષ્ટ્રીય અને સ્થાનિક અર્થતંત્રમાં અનેક રીતે નોંધપાત્ર ફાળો આપે છે .ગુજરાતમાં પ્રવાસનનું આર્થિક મહત્વ ખૂબ જ ઊચું છે અને રાજ્યના સર્વાંગી વિકાસમાં તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે:તેના મુખ્ય આર્થિક પાસાં નીચે મુજબ છે .

### ૧:રોજગારીનું સર્જન .

પ્રવાસન ઉદ્યોગ વિશ્વભરમાં સૌથી મોટા રોજગારી પ્રદાતાઓમાંનો એક છે તે .પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને રીતે નોકરીઓનું સર્જન કરે છે .હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ, ટ્રાવેલ એજન્સીઓ, ટૂર ઓપરેટરો, પરિવહન સેવાઓ ટેક્સી), બસ, રેલવે, વિમાન( સ્થાનિક કલાકારો, કારીગરો, માર્ગદર્શક અને અન્ય સંલગ્ન વ્યવસાયોમાં સીધી અને પરોક્ષ રીતે લાખો લોકોને રોજગારી મળે છે .ખાસ કરીને ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં, જ્યાં રોજગારીની તકો મર્યાદિત હોય છે, ત્યાં પ્રવાસન સ્થાનિક લોકો માટે આવકનો સ્રોત બની રહે છે .ગ્રામીણ પ્રવાસન દ્વારા હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયોને સશક્ત બનાવે છે, બિનખેતી આધારિત આજીવિકાનું સર્જન કરે છે- અને ગ્રામીણ .શહેરી સ્થળાંતર ઘટાડે છે- પ્રવાસનદ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાન અને વિવિધ સંસ્કૃતિઓ પ્રત્યેની સમજણ વધારવામાં પણ મદદ મળે છે.

## ૨આવક .માં વધારો:

પ્રવાસીઓ દ્વારા થતો ખર્ચ રહેઠાણ), ભોજન, પરિવહન, ખરીદી, મનોરંજન વગેરેરાજ્યની ( અર્થવ્યવસ્થામાં સીધોફાળો આપે છે .સરકારને પ્રવાસન સંબંધિત સેવાઓ, ટેક્સ અને ફી દ્વારા આવક થાય છે, જેનો ઉપયોગ રાજ્યના વિકાસ કાર્યોમાં કરી શકાય છે .વિદેશી પ્રવાસીઓ દ્વારા વિદેશી હૂંડિયામણની આવક થાય છે, જે દેશના વિદેશી મુદ્રા ભંડારમાં વધારો કરે છે અને આર્થિક સ્થિરતા લાવે છે.

## ૩મા .ળખાગત સુવિધાઓનો વિકાસ:

પ્રવાસનના વિકાસ માટે મજબૂત માળખાગત સુવિધાઓ અનિવાર્ય છે.

- **પરિવહન :**એરપોર્ટ, રેલ્વે સ્ટેશનો, બંદરો, રસ્તાઓ અને જાહેર પરિવહન પ્રણાલીઓમાં સુધારા થાય છે.
- **આવાસ :**નવી હોટેલ્સ, રિસોર્ટ્સ, ગેસ્ટ હાઉસ અને અન્ય આવાસ સુવિધાઓનું નિર્માણ થાય છે.
- **સંચાર :**ઇન્ટરનેટ અને મોબાઇલ કનેક્ટિવિટી જેવી સંચાર સુવિધાઓમાં સુધારો થાય છે.
- **મનોરંજન અને સુવિધાઓ :**થીમ પાર્ક્સ, મ્યુઝિયમ્સ, શોપિંગ મોલ્સ, આરોગ્ય સુવિધાઓ વગેરેનો વિકાસ થાય છે .

આ સુવિધાઓ માત્ર પ્રવાસીઓ માટે જ નહીં, પરંતુ સ્થાનિક નાગરિકો માટે પણ જીવનની ગુણવત્તા સુધારે છે.

## ૪:સ્થાનિક ઉદ્યોગો અને હસ્તકલાને પ્રોત્સાહન .

પ્રવાસીઓ સ્થાનિક હસ્તકલા, પરંપરાગત ઉત્પાદનો, સંભારણાં અને સ્થાનિક ભોજનની ખરીદી કરે છે, જેનાથી સ્થાનિક કારીગરો, વેપારીઓ અને ખેડૂતોને સીધો આર્થિક લાભ થાય છે . આનાથી સ્થાનિક સંસ્કૃતિ અને કલાને પણ પ્રોત્સાહન મળે છે અને લુપ્ત થતી કળાઓને જીવંત રાખવામાં મદદ મળે છે .સ્થાનિક ખોરાક અને પીણાં રેસ્ટોરન્ટ્સ અને હોટેલ્સ સ્થાનિક ખેડૂતો પાસેથી કૃષિ ઉત્પાદનો ખરીદે છે, જેનાથી કૃષિ ક્ષેત્રને પણ ફાયદો થાય છે .સર્વિસ ઇકોનોમી સ્થાનિક દુકાનો, લોન્ડ્રી સેવાઓ અને અન્ય નાની.મોટી સેવાઓને પણ પ્રવાસનથી વેગ મળે છે-

## ૫:કાસપ્રાદેશિક સંતુલિત વિ .

પ્રવાસન માત્ર શહેરી વિસ્તારો પૂરતું સીમિત નથી, પરંતુ તે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં પણ આર્થિક પ્રવૃત્તિઓ લાવે છે .ગુજરાતના વિવિધ પ્રદેશોમાં ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થળો, વન્યજીવ અભયારણ્યો, દરિયાકિનારા અને સાંસ્કૃતિક સ્થળો આવેલા છે, જે સંતુલિત પ્રાદેશિક વિકાસમાં મદદ કરે છે .ગ્રામીણ વિસ્તારોમાં ઇકોટુરિઝમ-, એગ્રોટુરિઝમ અને હોમસ્ટે જેવી પહેલો -

.સ્થાનિક અર્થતંત્રને વેગ આપે છે અને સ્થળાંતર ઘટાડવામાં મદદ કરે છેનવા પ્રવાસન સ્થળોના વિકાસથી પછાત અને અવિકસિત વિસ્તારોમાં રોકાણ અને રોજગારીની તકો ઊભી થાય છે, જે પ્રાદેશિક અસમાનતા ઘટાડવામાં મદદ કરે છે.

## ૬:રોકાણ આકર્ષણ .

પ્રવાસન ક્ષેત્રમાં વૃધ્ધિની સંભાવનાઓને કારણે, સ્થાનિક અને વિદેશી રોકાણકારો હોટેલ, રિસોર્ટ્સ, થીમ પાર્ક, સાહસિક પ્રવાસન અને અન્ય પ્રવાસન સંબંધિત પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા પ્રેરાય છે .ગુજરાત સરકારે પ્રવાસન નીતિઓ દ્વારા રોકાણને પ્રોત્સાહન આપ્યું છે, જેમ કે ગુજરાત પ્રવાસન નીતિ ૨૦૨૧૨૦૨૫-, જેણે રોકાણ માટે આકર્ષક નાણાકીય પ્રોત્સાહનો આપ્યા છે .સરકારો ઘણીવાર પ્રવાસન ઉધોગને પ્રોત્સાહન આપવા માટે નીતિઓ અને નાણાકીય સહાય પૂરી પાડે છે, જે રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે.

## ૭:પર્યાવરણીય સંરક્ષણ અને સાંસ્કૃતિક સંરક્ષણ .

પર્યાવરણ પ્રવાસન અને ટકાઉ પ્રવાસન પ્રવૃત્તિઓ પર ભાર મૂકવાથી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ આવે છે .આનાથી કુદરતી સૌંદર્ય અને જૈવવિવિધતાનું સંરક્ષણ થાય છે, જે લાંબાગાળે પ્રવાસનને ટકાવી રાખે છેપ્રવાસનથી થતી આવકનો ઉપયોગ વન્યજીવન અભયારણ્યો ., રાષ્ટ્રીય ઉધાનો અને અન્ય કુદરતી સ્થળોના સંરક્ષણ માટે થઈ શકે છે.

પ્રવાસન ઉધોગમાં વૃધ્ધિની સંભાવના રોકાણકારોને આકર્ષે છે .પ્રવાસન ઐતિહાસિક સ્થળો, સાંસ્કૃતિક વારસો, પરંપરાગત કલા અને ઉત્સવોના સંરક્ષણ અને જાળવણી માટે ભંડોળ પૂરું પાડી શકે છે .તે સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની તક પૂરી પાડે છે, જેનાથી સાંસ્કૃતિક સમજણ અને આદાનપ્રદાન વધે છે. ગુજરાતમાં પ્રવાસન પ્રવૃત્તિઓ વિકસાવવા અને વધુ સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષવા માટે વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છેનવરાત્રિ ,જેમ કે . શરદોત્સવ અને રણોત્સવ જેવા તહેવારોની ઉજવણી સાથે ગુજરાતની સમૃધ્ધ ,પતંગોત્સવ ,મહોત્સવ ).સંસ્કૃતિ અને તેના વિવિધ યાત્રાધામોને વિશ્વના નકશા પર મૂકવાનો ઈરાદો ધરાવે છેVansiya, Y. N.(2012

આમ, ગુજરાતમાં પ્રવાસન માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે રાજ્યની અર્થવ્યવસ્થાનું એક અભિન્ન અંગ છે, જે રોજગારી, આવક, માળખાગત વિકાસ અને સ્થાનિક ઉધોગોને વેગ આપીને સર્વાંગી આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે .પ્રવાસન ઉધોગ માત્ર આર્થિક વૃધ્ધિનું જ નહીં, પરંતુ સામાજિકતે .કાસ અને પર્યાવરણીય જાગૃતિનું પણ એક શક્તિશાળી એન્જિન છેસાંસ્કૃતિક વિ- વિવિધ ક્ષેત્રોને જોડીને એક વ્યાપક અસર ઊભી કરે છે, જે દેશના સર્વાંગી વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.


## પ્રવાસનનું સામાજિક અને સાંસ્કૃતિક મહત્વ

પ્રવાસન વિશ્વમાં વ્યાપક મહત્વ ધરાવનારો વિષય છે .તે વિશેષતઃ આર્થિક, સાંસ્કૃતિક, સામાજિક અને સંગઠનાત્મક પરિવર્તનોના સાધન તરીકે કાર્ય કરે છે .પ્રવાસન વિકાસ સાંસ્કૃતિક અને માનવીય સંબંધોને પ્રભાવિત કરે છે. પ્રવાસનથી માનવી વિવિધ ભાષાઓ, રીતિનીતિઓ, સાંસ્કૃતિક પ્રથાઓ, પ્રાકૃતિક સૌંદર્ય ,વિવિધતા ,સાહિત્ય, કલા, માનવ સંસાધનો ,સંપ્રદાયો ,જ્ઞાન ,નવા અનુભવો , આર્થિક વ્યવસ્થાઓઅને રંગભૂમિઓને અનુભવે છે .સંગઠનોનો વિકાસ અને પ્રમોશનની સુવિધા આપવા ,સાંસ્કૃતિક વિવિધતાને સમજવા, સામાજિક પ્રગતિ ,સમુદાય પ્રવાસન નીતિને સુધારવા, યોજનાઓ ઘડવા, પ્રવાસન ઉદ્યોગમાં અને સંબંધિત સેક્ટરોમાં નવીનતાને અનુસરી અને પ્રવાસન સેવાઓને સુધારીને ઉન્નતિ મેળવવા માટે ઉપયોગી છેતે સ .ામાજિક વિકાસ, રાષ્ટ્રીય સુરક્ષા, આંતરરાષ્ટ્રીય સંબંધો, કલાકૃતિનો વિસ્તાર અને અન્ય દ્રષ્ટિકોણને સામેલ કરે છે .આ ઉદ્યોગની બીજી એક મહત્વપૂર્ણ વિશેષતા, જે ભારત માટે મહત્વપૂર્ણ છે, તે રાષ્ટ્રીય એકતા, કુદરતી તેમજ સાંસ્કૃતિક સંરક્ષણમાં યોગદાન પર્યાવરણ અને સંવર્ધન અને કલા સ્વરૂપો, હસ્તકલા અને સંસ્કૃતિના વારસાગત ગુણધર્મો અને અસ્તિત્વમાં મદદ કરે છે.Vansiya, Y. N. (2012).

પ્રવાસન સંશોધન અને વિકાસ દ્વારા પ્રાપ્ત પરિણામોએ સંસ્થાનો વિકાસ અને પ્રગતિ માટેનો માર્ગ બનાવે છે .અનેક પ્રદેશોમાં પ્રવાસન પ્રવૃત્તિ આર્થિક પ્રગતિ માટે મુખ્ય આધાર બને છે . નવા સ્થાનોમાં રહેવાથી વ્યક્તિઓને નવા કાર્યને સમજવામાં અને નવા પ્રશ્નોને સામે લડવામાં મદદ કરે છે .દેશની સંસ્કૃતિ અને કલાને વિશ્વ સમક્ષ પ્રગટ કરવામાં યોગદાન આપે છે. દેશને વિશ્વની નજરમાં પ્રગતિ આપે છેપ્રવાસન એક વૈશ્વિક પરિઘમાં મહત્વપૂર્ણ ભૂમિકા પામે છે ..

## ગુજરાતના અર્થતંત્રમાં પ્રવાસનનું યોગદાન (૨૦૨૪-૨૦૧૯)


**ગુજરાતમાં પ્રવાસનનો રોજગાર અને જીડીપીમાં ફાળો**




**(Source: Gujarat Tourism Department,૨૦૨૪(**

ઉપરોક્ત કોષ્ટક અનુસાર વર્ષ 2019-માં પ્રવાસનનો જીડીપીમાં અને 8.6 કોરોના કાળ હોવાને કારણે તેમાં ઘટાડો નોંધાયેલો છે અને 2020 વર્ષ .ફાળો છે 3.2 રોજગારીમાં .જીડીપી અને રોજગારીમાં ક્રમશઃ વધારે જોવા મળેલ છે પછીના વર્ષોમાં પ્રવાસનનો ફાળો

**ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ દ્વારા થયેલ વિદેશી હૂંડિયામણની કમાણી**




**(Source: Gujarat Tourism Department,૨૦૨૪(**

કોવિડ રોગચાળાને કારણે ૧૯-વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં પ્રવાસનમાં ઘટાડો થયો હતો, જેના કારણે વિદેશી હૂંડિયામણની કમાણી અને રોજગારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૪ ના આંકડા મહામારી પહેલાના સ્તરોને વટાવી ગયા છેરોજગા .રીમાં વધારો થયો છે અને વિદેશી હુંડીયામણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

**ગુજરાતમાં લપમેન્ટપ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવ (૨૦૨૪-૨૦૧૯)**

| વર્ષ | નવી હોટલ | રસ્તાઓનું વિસ્તરણ (કિમી) | એરપોર્ટ અપગ્રેડ થયા |
|---|---|---|---|
| **૨૦૧૯** | ૫૫ | ૧,૮૦૦ | ૨ |
| **૨૦૨૦** | ૨૦ | ૭૫૦ | ૧ |
| **૨૦૨૧** | ૩૫ | ૧,૨૦૦ | ૨ |
| **૨૦૨૨** | ૪૫ | ૨,૧૦૦ | ૩ |
| **૨૦૨૩** | ૬૦ | ૨,૫૦૦ | ૩ |
| **૨૦૨૪** | ૭૫ | ૩,૦૦૦ | ૪ |
| **(Source: ગુજરાત Infrastructure Development Board, ૨૦૨૪)** | | | |

ગુજરાત સરકારે પ્રવાસનક્ષેત્રે માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર રોકાણ વધાર્યું છે ,હોટલની ક્ષમતાઓમાં વધારો ,રોડ નેટવર્કમાં વધારો ,એરપોર્ટ સુવિધાઓને અપગ્રેડેશન વગેરે બાબતે હકારાત્મક ફેરફારો નોંધાયા છે .પ્રવાસન વિકાસ સંદર્ભે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં માળખાકીય

સુવિધાઓ સંદર્ભે વિવિધ સંભાવનાને વેગ આપ્યો છે અને એક અગ્રણી પ્રવાસન સ્થળ તરીકે ગુજરાત રાજ્ય અન્ય રાજ્યની તુલનામાં પોતાનું મજબૂત સ્થાન બનાવ્યું છે.

## ગુજરાતની ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીની નવી પ્રવાસન નીતિ

વર્ષ૨૦૨૧માં ગુજરાત સરકાર દ્વારા નવી પ્રવાસન નીતિ જાહેર થઈ જે ૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી અમલમાં હતી .નવી પ્રવાસન નીતિમાં 'આત્મનિર્ભર ભારત' ના દ્રષ્ટિકોણ સાથે આ નવી પ્રવાસન નીતિમાં ''વોકલ ફોર લોકલ'' સહિત સ્થાનિક રોજગારી અને સંતુલિત પ્રાદેશિક વિકાસને ધ્યાનમાં રાખ્યો છેવિશ્વભરમાંથી ગુજરાત આવતા પ્રવાસીઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડી . પ્રવાસનો ઉત્તમ અનુભવ આપીને પ્રવાસીઓની સંખ્યામાં ક્રમશઃ વધારો કરવ ામાં આ નીતિ ઉપયોગી બની છે .પ્રવાસનમાં આવી સમૃધ્ધિના કારણે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં ઘણો વધારો થયો છેવાસીઓનઆ નીતિનો મુખ્ય ઉદ્દેશ પ્ર . ે સારી સુવિધાઓ પૂરી પાડવાનો અને રોજગારીમાં વધારો કરવાનો છે .પ્રવાસનમાં આવી સમૃધ્ધિના કારણે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે .

## પ્રવાસન વિકાસને અસર કરતા પરિબળો

અગાઉ થયેલા સંશોધનોના આધારે જાણવા મળ્યુ છે કે ઘણા બધા પરિબળો પ્રવાસનને અસર કરે છે .જેમ કે અમુક સંજોગોમાં પ્રવાસનથી કુદરતી સંસાધનોનો વધુ પડતો ઉપયોગ થાય છે . જ .પ્રદુષણમાં વધારો થવાથી ગ્રીનહાઉસ અસરો થાય છે ૈવવિવિધતા જોખમમાં આવે છેસ્થાનિક . પ્રવાસીઓના .ગુનાના પ્રમાણમાં વધારો થાય છે .વસ્તુઓ અને સેવાઓના ભાવમાં વધારો થયો છે ગીચ માનવ વસ્તી અને વાહનની અવરજવર .પ્રાણીઓનું શોષણ કરવામાં આવે છે મનોરંજન માટે ઐતિહાસિક સ્મારકો અને કુદરતી સીમાચિન્હોનો વિનાશ થાય .વધી જાય છે છેપ્રવાસનની . આંતરમાળખાકીય સગવડો પાછળ સ્થાનિક અને રાજ્ય કે કેન્દ્ર સરકાર ખર્ચ કરે છે તેથી કરનો બોજો પ્રવાસની આડમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને સલામતીનો પ્રશ્ન .સામાન્ય પ્રજા પર પડતો હોય છે .પણ રહેલો છે

## અભ્યાસના તારણો

- પ્રવાસન વિકાસથી હોટલો અને રેસ્ટોરન્ટોના માલિકો ,ખાધ સામગ્રીના વિક્રેતાઓ , ,નૌકાવિહાર ,ઘોડેસવારી ,ફેરિયાઓ સ્થાનિક કલાકારીગરીની વસ્તુઓને વેચાણ - ઓપરેટરો અને પ્રવાસન ,ટ્રાવેલ્સની સુવિધા આપતા એજન્ટો-કરતા લોકો તથા ટુર્સ સ્થળે માર્ગદર્શન આપનાર ગાઈડ આમ પ્રવાસન સાથે સંકળાયેલ તમામ લોકોને રોજગ ારી મળે છે.
- પ્રવાસન વિકાસ થવાથી આંતરમાળખાકીય સગવડોમાં વધારો થયો છે.
- પ્રાદેશિક વિકાસમાં વધારો થયો છે.

- કુલ ઘરેલુ પેદાશમાં વધારો જોવા મળ્યો છે.
- રાજ્યની આવકમાં વધારો થયો છે.
- લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે.
- વિદેશી પ્રવાસીઓનો પ્રવાહ વધતા વિદેશી હૂંડિયામણ કમાણીમાં વધારો કરી શકાયો છે.
- પ્રવાસન વ્યવસાય અને વાણિજ્યિક સંબંધો માટે મહત્વપૂર્ણ છેવ્યાપારિક અને . સાંપ્રદાયિક સંપર્કો વધવાથી આર્થિક સંબંધો મજબૂત થાય છે. પ્રવાસન દ્વારા વ્યવસાયને પ્રોત્સાહન મળે છેતે વધુ ગ્રાહકો અને વિવિધ . બજારો પ્રદાન કરે છે .

## અભ્યાસને અંતે સૂચનો

- જે પ્રવાસન સ્થળોએ અપૂરતી સુવિધાઓ છે તેમાં વધારો કરવો જોઇએ જેથી પ્રવાસીઓને પ્રવાસ સુખદ અને એક સારો અનુભવ બને.
- પ્રવાસન અંગે વધુ જાહેરાતો કરવી જોઈએજેના થકી વધુ પ્રવાસીઓને આકર્ષી . .શકાય
- પ્રવાસન ક્ષેત્રમાં જાહેર અને ખાનગી બંને ક્ષેત્રો દ્વારા મૂડીરોકાણ વધારવું જોઈએ . .આ ઉદ્યોગમાં મૂડીરોકાણ વધતા તે લાંબેગાળે આવક વધારામાં પરિણમશે
- સ્થાનિક લોકોને રોજગારી અને આવક વધુ મળે તે માટે સ્થાનિક ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે બજાર વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

પ્રવાસન વિકાસ હંમેશા પડકારો વગરનો નથી હોતોમાળખાકીય સુવિધાઓનો અભાવ ., પર્યાવરણીય અસર, સ્થાનિક સમુદાયો પર અસર અને મોસમી પ્રવાસન જેવા મુદ્દાઓ ગુજરાતમાં પણ જોવા મળે છેઅભ્યાસ કરી શકાય છે અને તેના સમાધાન માટેના સંશોધન પેપરમાં આવા પડકારોનો . આ ઉપરાંત .સૂચનો રજૂ કરી શકાય છે, ધાર્મિક પ્રવાસન, મેડિકલ ટૂરિઝમ, વેડિંગ ટૂરિઝમ અને MICE (Meetings, Incentives, Conferences, and Exhibitions) ટૂરિઝમ જેવી નવી તકોનો પણ અભ્યાસ કરી શકાય છે.

## સમાપન

આ સંશોધન પેપરમાં ગુજરાત રાજ્યમાં પ્રવાસન વિકાસ સંદર્ભે ચર્ચા કરવામાં આવેલ છે . સુરક્ષા અને સ્થાયી પ્રવા ,સ્વચ્છતા ,સ્થાનિક સમાજની સંલગ્નતા ,માળખાગત સવલતોસનના માપદંડો પર વધુ ધ્યાન આપવામાં આવે તે સતત વિકાસ માટે જરૂરી છેખાનગી ક્ષેત્ર અને ,સહકારી મંડળી . આ સંશોધનના .ભાગીદારીથી પ્રવાસનના નવા આયામો ઉભા કરી શકાય શૈક્ષણિક સંસ્થાઓની

સંકલિત પ્રયત્નો અને ટેકનોલોજીના ઉપયોગથી ગુ ,આધારે એવું સ્પષ્ટ થાય છે કે યોગ્ય યોજનાજરાતને વિશ્વનું આગવું પ્રવાસન ગંતવ્ય બનાવવાની ક્ષમતા ધરાવે છે.

## સંદર્ભસૂચિ


1. India, G. o. (2019). Working Group on US$ 5 Trillion Indian Economy. Department of Industrial and Promotion, Ministry of Commerce and Industry, Government of India.
2. Parmar, U. Y. (2020, October-December). Tourism Development In Gujarat: Opportunities. International Journal Of Advanced Research In Commerce, Management & Social Science, 3(4), 213-217.
3. https://www.gujaratsamachar.com/news/national/world-tourism-day--2019theme-history-and-facts
4. Pandya, R. B. (2019, january). An Economic Evaluation Of Gujarat Tourism Industry. International Journal Of Research In all Subjects In Multi Languages, 7(1), 43-49
5. https://www.divyabhaskar.co.in/local/gujarat/gandhinagar/news/gujarats-new-tourism-policy-from--2021to--2025announced-many-reliefs-assistance-subsidies-announced-.128115656html
6. Swadia, B. U. (2015, December). A Study On Globalization On Tourism Induastry Of Gujarat. A Referred International Journal Of Multidisciplinary Research, 2(3), 33-42.
7. Madhani, A. K. (2016, january). A Review On Economic Impact Of Globalization On Gujarat Tourism. International Journal Of Advance Research In Computer Science and Management Studies, 4(1), 95-103.
8. https://reviews.tn/gu/wiki/quels-sont-les-avantages-du-tourisme-/2
9. https://medium.com/@yanamaximova/-10negative-effects-of-tourism
10. Parmar, S. M. (2017, September). 'A Study of Perception and Opinion on Gujarat Tourism Marketing'. IOSR Journal of Business and Management (IOSR-JBM), 19(9), 1-4
11. https://tourism.gov.in/sites/default/files/2023
12. https://www.investindia.gov.in/sector/tourism-hospitality
13. https://tourism.gov.inhttps://reviews.tn/gu/wiki/quels-sont-les-avantages-du-tourisme-/2
14. Gujarat Infrastructure Development Board. (૨૦૨૪). *Tourism infrastructure investments in* Gujarat. Gujarat State Press.
15. Gujarat Tourism Board. (૨૦૨૪). *Annual tourism report ૨૦૨૪.* Government of Gujarat.
16. Vansiya, Y. N. (2012). Tourism Development in Gujarat : Progress and Prospects. Global Journal of Research in Management, 02(01), 65–80.
17. Vansiya, Y. N. “Sustainable Management of Eco-Tourism to Benefit Gujarat”, Book Published by Nova Publication. February ) 2012Edited by Kartik Roy and Sandeep Kor) , (ISBN .(6-716-62100-1-978

18. Vansiya, Y. N. ( 2012). The economics of ecotourism – A case study of the Dangs district of Gujarat in India. Quest – Interdisciplinary Journal, 6(3), 455–467. doi:https://doi.org/10.5958/j.0974-5041.6.3.035
19. Vansiya, Y. N. (2021). Social research methods (2nd ed.) (2 ed.). Surat, Gujarat: Popular Prakashan